**બોટાદના મહે.ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં, મુ. બોટાદ**

**`ફોજદારી કેસ નંબર :–566/2024**

## :: પ્લી તળે હુકમ ::

૧.ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ મોજે બોટાદ ખાતે ગે.કા.ગર પાસ પરમીટે કેફી પીણુ પીધેલ હાલતમાં પોતાના કબ્જા ભોગવટાનું વાહન ચલાવી મળી આવી,તમો આરોપીએ એમ.વી.એકટ–૧૮૫ તથા પ્રોહી કલમ–૬૬(૧) મુજબનો ગુન્હો કરેલ છે.

૨.આરોપીએ અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલ આપી ત્યારબાદ આરોપીએ ગુન્હાની કબુલાતની પુરસીસ સ્વેચ્છાએ રજુ કરતાં આરોપીની પ્લી લઈ તેને પુછતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે આરોપીએ કરેલી કબુલાતએ કોઈના દાબ,દબાણ વિના સ્વખુશીએ કરેલ હોય તે નહી માનવા માટે મને કોઈ કારણ જણાતું નથી.આરોપીને સજા અંગે પુછતા જણાવેલ છે કે આરોપીનો પ્રથમ ગુનો છે.ગુના બદલ અફસોસ વ્યકત કરી દયાની માંગણી કરે છે.ઉપરોકત સંજોગો,ગુનાની હકિકત અને સજાની જોગવાઈ જોતા આરોપી દવારા અદાલત સમક્ષ કબુલાત ધ્યાને લેતાં નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯, નટરવચંદ્ર હીરાચંદ્ર ઠાકોર વિરૂઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનાં કેસમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં તેમજ આજરોજ નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટ,બોટાદ દવારા નેશનલ લોક અદાલતનું આયોજનનાં ભાગ રૂપે મેજીસ્ટ્રેટીયલ કોર્ટમાં કબુલાત પાત્ર થાય તેવા કેસોના નિકાલ માટે સ્પેશીયલ સીટીગનું આયોજન કરેલ હોઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**** અંતિમ હુકમ ****

****** આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૫૨ અનવ્યે આ કામના આરોપીને એમ.વી.એકટ–૧૮૫ તથા પ્રોહીની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુના માટે આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે.આરોપીને રૂ.૧૨૦૦/–(અંકે રૂપિયા એક હજાર બસો પુરા) પુરાનો દંડ,જો દંડ ન ભરે તો દીન–૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

****** મુદામાલ અંગે થયેલ વચગાળાનો હુકમ આથી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ બોટાદ મુકામે તારીખ ૦૯ માહે માર્ચ અને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૩/૨૦૨૪

બોટાદ

(આઈ.કે.જાંગડ)
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
બોટાદ
કોડ નં જી જે ૦૦૮૬૭

પાવતી નંબર–....... થી દંડની રકમ

રૂ.૧૨૦૦ X ૧ (આરોપી)= ૧૨૦૦/–(અંકે રૂપિયા એક હજાર બસો પુરા) વસુલ લીધા.

તા.૦૯/૦૩/૨૪

નાઝર
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ બોટાદ